# સરદાર પટેલ યુનિવર્સિટી
## ગુજરાતીની અભ્યાસ સમિતિની સભા
## કાર્યનોંધ

ગુજરાતીની અભ્યાસ સમિતિની સભા તારીખઃ ૨૯/૦૮/૨૦૨૫ ના રોજ બપોરે ૩.૦૦ કલાકે યુનિવર્સિટી કાર્યાલયના જુના સિન્ડિકેટ ખંડ(ગ્રાઉન્ડ ફ્લોર) માં મળી હતી.

સભામાં નીચેના સભ્યશ્રીઓ હાજર રહ્યા હતા.

| | | | |
|---|---|---|---|
| ૧. | ડૉ. મહેન્દ્ર કે નાઇ (અધ્યક્ષ) | | |
| ૨. | શ્રીમતી જયશ્રી વી. જોષી | ૪. | ડૉ. રમેશચંન્દ્ર ચૌધરી |
| ૩. | શ્રીમતી સાધના બી.પટેલ | ૫. | ડૉ. કલ્પના વી. ત્રિવેદી |

સભાની શરૂઆતમાં અધ્યક્ષશ્રીએ સર્વે સભ્યશ્રીઓને આવકાર્યા હતા. ત્યારબાદ સભાનું કામકાજ શરૂ કરવામાં આવ્યું હતું.

૧. તારીખઃ ૩/૧/૨૦૨૪ ના રોજ મળેલ ગુજરાતીની અભ્યાસ સમિતિની સભાની કાર્યનોંધને બહાલી આપવા બાબત.

> આથી ઠરાવવામાં આવે છે કે તારીખઃ ૩/૧/૨૦૨૪ ના રોજ મળેલ ગુજરાતીની અભ્યાસ સમિતિની સભાની કાર્યનોંધને બહાલી આપવામાં આવી.

૨. ગુજરાતીની અભ્યાસ સમિતિના કાર્યક્ષેત્રમાં આવતા તમામ વિષયો માટે NEP-2020 અને ચોઇસ બેઇઝ ક્રેડિટ સિસ્ટમ અનુસાર શૈક્ષણિક વર્ષ ૨૦૨૫-૨૬ માં લેવાનારી યુનિવર્સિટીની તમામ પરીક્ષાઓ માટે પરીક્ષકોની યાદી તૈયાર કરવા બાબત.

> આથી ઠરાવવામાં આવે છે કે ગુજરાતીની અભ્યાસ સમિતિના કાર્યક્ષેત્રમાં આવતા તમામ વિષયો માટે NEP-2020 અને ચોઇસ બેઇઝ ક્રેડિટ સિસ્ટમ અનુસાર શૈક્ષણિક વર્ષ ૨૦૨૫-૨૬ માં લેવાનારી યુનિવર્સિટીની તમામ પરીક્ષાઓ માટે પરીક્ષકોની યાદી નિયમાનુસાર તૈયાર કરી સુધારા સહિત ચેરમેનશ્રીની સહી સાથે પરબારા યુનિવર્સિટી કાર્યાલયના પરીક્ષા વિભાગમાં સુપ્રત કરવી.

૩. સરકારશ્રીના આદેશાનુસાર National Education Policy -2020 (NEP – 2020) મુજબના ગુજરાતીની અભ્યાસ સમિતિના કાર્યક્ષેત્રમાં આવતા સ્નાતક કક્ષાના સાતમાં અને આઠમાં સેમેસ્ટરના અભ્યાસક્રમ અને તેનું સ્ટ્રક્ચર (માળખું) તૈયાર કરવા અને અભ્યાસક્રમ તેનું સ્ટ્રક્ચર (માળખું) મંજૂર કરવા ચર્ચા વિચારણા કરવા બાબતે.

ચાલુ...

આથી ઠરાવવામાં આવે છે કે સરકારશ્રીના આદેશાનુસાર National Education Policy -2020 (NEP – 2020) મુજબના ગુજરાતીની અભ્યાસ સમિતિના કાર્યક્ષેત્રમાં આવતા સાતમાં અને આઠમાં સેમેસ્ટરના સુધારા વધારા સહિતના અભ્યાસક્રમ અને તેનુ સ્ટ્રક્ચર (માળખું) પરિશિષ્ટમાં દર્શાવ્યા મુજબ મંજૂર કરવા અને તેનો અમલ જૂન ૨૦૨૬ થી ક્રમશઃ કરવો.

**કુલપતિશ્રીએએ મંજૂર કરેલા કાર્યોની માહિતીઃ**

૪. સરકારશ્રીના આદેશાનુસાર National Education Policy -2020 (NEP – 2020) મુજબના ગુજરાતીની અભ્યાસ સમિતિના કાર્યક્ષેત્રમાં આવતા સ્નાતક કક્ષાના પાંચમાં અને છઠ્ઠા સેમેસ્ટરના અભ્યાસક્રમ અને તેનું સ્ટ્રક્ચર (માળખું) નો અમલ જૂન-૨૦૨૫ થી કરવાનો હોવાથી વિવિધ સત્તા મંડળોની મંજૂરીની અપેક્ષાએ કુલપતિશ્રી મંજૂર કર્યાના.

આથી ઠરાવવામાં આવે છે કે સદર બાબતની નોંધ લેવામાં આવી.

નંબરઃ ડી/એ /૫૫૮૧
વલ્લભ વિદ્યાનગર
તારીખઃ ૧૯/૦૬/૨૦૨૫

નાયબ કુલસચિવ

પ્રતિઃ
ગુજરાતીની અભ્યાસ સમિતિના સર્વે સભ્યશ્રીઓ તરફ.
પરીક્ષા વિભાગ તરફ જાણ તથા ગુજરાતીની અભ્યાસ સમિતિના કર્યક્ષેત્રમાં આવતા તમામ વિષયોની પરીક્ષકોની યાદી સુધારા અર્થે ચેરમેનશ્રીને મોકલી આપવા સારૂ.